Website : www.spuvvn.edu Phone: (02692) 226819

# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦ (ગુજરાત)

NAAC Accreditation CGPA 3.25 Grade -'A' (23-1-2017 to 22-1-2022)

જનરલ વિભાગ

નંબર:જી/૨૨.વા.શિ./૫૩૦૬ તા. ૨૦/૧૨/૨૦૧૮

પ્રતિ,

વડાશ્રી / આચાર્યશ્રી,

____________________

____________________

____________________

વિષય : શ્રી અરવિંદ દર્શન અધ્યયન શિબિર – ૨૦૧૯.

શ્રી અરવિંદ ચેર ઓફ ઇન્ટીગ્રલ સ્ટડીઝ ને પૂજયશ્રી મોટા પ્રેરિત હરિ : ૐ આશ્રમ ટ્રસ્ટની શ્રી અરવિંદ વ્યાખ્યાનમાળા તેમજ શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે આગામી મે-જૂન માસની રજાઓમાં શ્રી અરવિંદ આશ્રમ, પૉંડિચેરી ખાતે 10(દશ) દિવસ માટે શ્રી અરવિંદ દર્શન અધ્યયન શિબિર – ૨૦૧૯ નું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં આધ્યાત્મિકતામાં રસ ધરાવનાર સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર સંલગ્ન કોઈ પણ કોલેજ કે અનુસ્નાતક વિભાગમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થી જોડાઈ શકશે.

આપની સંસ્થામાથી આ શિબિરમાં જોડાવા માગતા પાંચ વિદ્યાર્થીઓના નામ એમના અભ્યાસનું વર્ષ/સેમીસ્ટર, રોલ નંબર, પત્ર વ્યવહારનું સરનામું, ફોન નંબર સહિત ૩૧/૧૨/૨૦૧૮ સુધીમાં પ્રો. પરમ પાઠક (મો : ૯૪૨૭૮ ૫૬૯૯૩), અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગરને મોકલી આપવા વિનંતી છે. આ દરેક વિદ્યાર્થી શા માટે શિબિરમાં જોડાવા માગે છે એ અંગેનું પ્રયોજન ૧૦૦ શબ્દોની મર્યાદામાં લખી મોકલે એવી વિનંતી. આ વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે તમે સ્થાનિક ભૂમિકાએ ઇન્ટરવ્યુ યોજી શકો છો.

આ શિબિરમાં જોડાવા માગતા કોલેજોના વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યુ તારીખ ૦૨/૦૧/૨૦૧૯ બુધવારે બપોરે ૨.30 કલાકે યોજાશે. યુનિવર્સિટીના અનુસ્નાતક

વિભાગોના વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યુ તા. ૦૩/૦૧/૨૦૧૯ને ગુરુવારે બપોરે ૨.૩૦ કલાકે યોજાશે એમાં આપના વિદ્યાર્થીઓને ઉપસ્થિત રહેવા જણાવશો.

રૂબરૂ મુલાકાતમાં પસંદગી પામેલા વિદ્યાર્થીઓમાથી 20 વિદ્યાર્થીઓની અંતિમ પસંદગી થશે. આ માટે શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર ખાતે તારીખ ૦૬/૦૧/૨૦૧૯ રવિવારે એક અભિમુખતા શિબિર યોજાશે. આ શિબિર સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૦૦ કલાક સુધી યોજાશે. એમાં જે વિદ્યાર્થીઓનો દેખાવ સંતોષકારક, વધારે સારો હશે એમને મે માસમાં શ્રી અરવિંદ આશ્રમ, પૉંડિચેરી યોજાનારી શિબિરમાં ભાગ લેવાનો રહેશે. શિબિરની તારીખ રૂબરૂ મુલાકાત વખતે જણાવવામાં આવશે.

આ શિબિરનો પ્રવાસ ખર્ચ અંદાજે રૂ. ૨૦૦૦/- થશે. અંતિમ પસંદગી પામેલા વિદ્યાર્થીઓએ આ ખર્ચની પૂરેપૂરી રકમ તારીખ ૧૯/૦૧/૨૦૧૯ સુધીમાં સરદાર પટેલ યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં જમા કરાવીને તેની એક નકલ જનરલ વિભાગ (રૂમ નં. ૨૨૦)માં આપવાની રહેશે. શિબિરના દિવસો દરમિયાનનો ભોજન અને રહેવાનો ખર્ચ યુનિવર્સિટી વહન કરશે.

વડા

જનરલ વિભાગ